**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૩ ટકા

# ગેસના ભાવવધારાને પગલે શહેરનો મધ્યમ વર્ગ ચિંતિત

## કુકિંગ ઓઈલ, શાકભાજી અને હવે ગેસ સિલિન્ડરનો ભાવ વધતા ખાસ મધ્યમવર્ગીય ગૃહિણીઓ ચિંતામાં : આ ભાવ વધારા બાદ એક દિવસનું જમવાનું બનાવવાનો ભાવ રેસ્ટોરન્ટના જમવા જેટલો ગણાઈ રહ્યો છે

ગાંધીનગર, તા.૧૬

આજે મોંઘવારીમાં વધારો થઈ રહ્યો છે. ધીમે ધીમે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ વધારા સાથે માનવજીવનમાં ઉપયોગી એવા ગેસના સિલિન્ડરનો ભાવ એક સામટો ૫૦ રૂપિયા વધી ગયો છે. સાથે પેટ્રોલ-ડિઝલના ભાવ શહેરમાં લિટરે ૮૯.૫ રૂપિયા છે. જે અત્યાર સુધીમાં હાઈએસ્ટ ભાવ છે. આ તમામના ભાવવધારા સાથે ધીમે ધીમે અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો નોંધાઈ શકે છે અને ભાવ વધવા સાથેના આ તમામ ફેરફારોને કારણે ખાસ કરીને મધ્યમવર્ગીય શહેરીજનો પીસાઈ રહ્યા છે.

શહેરની ગૃહણીઓ આજે શાકભાજી, કુકીંગ ઓઈલના ભાવ વધારા સાથે હવે રાંધણ ગેસના બાટલાના ભાવ વધારાનો સામનો કરી રહી છે. આ તમામ ચીજવસ્તુઓના ભાવ વધારા સાથે ખાસ કરીને મધ્યમવર્ગીય પરિવારોએ પોતપોતાનું ગુજરાન ચલાવવાનું મુશ્કેલ પડી રહ્યું છે. હવે, એક દિવસનું જમવાનું બનાવવાનો ખર્ચો ગણવા જાવ તો જે ચુલા પર રાંધવાનું છે તેના બળતણ (ગેસ)નો ભાવ પણ હવે વધી ગયો છે. સાથે કુકિંગ ઓઈલ અને શાક પણ મોંઘા છે તો હવે બહારની હોટલ રેસ્ટોરન્ટનું ખાઈ ખોટો ખર્ચો ન કરવામાં આવે તોય ઘરે સાદુ ભોજન બનાવવાનો ખર્ચ પણ વધી ગયો છે. હવે સામાન્ય માણસ કરે તો કરે શું? ચોખાનો ભાવ મિડીયમ છે તો શું દરરોજ ભાત કે ખીચડી ખાઈને તો જીવન પસાર થાય નહિ અને ખીચડીમાં પણ દાળ તો નાંખવી ને? દાળ પણ મોંઘી થઈ ગઈ છે. આ તમામ પ્રશ્નને લઈને હાલ શહેરીજનો અને ખાસ મધ્યમવર્ગીય પરિવારો ચિંતિત જણાઈ રહ્યા છે.

આજે ઘરની બહાર નીકળતા જ કારની વાત ન કરીએ તો પણ ટુ વ્હીલરનો ક્રેઝ તમામમાં છે. પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કોરોના દરમિયાન વધુ થતો નથી ત્યારે પેટ્રોલના ભાવ વધતા શહેરના યુવાનો તથા મધ્યમવર્ગીય પરિવારો તો જાણે ટૂંકા પગારમાં આ મોંઘવારી વધતા કેમ ગુજરાન ચલાવશે તે પ્રશ્ન બની રહ્યો છે.



નીલગાય જંગલી પ્રાણી છે અને ગભરુ પ્રાણી છે. મોટે ભાગે તે જંગલ અને વગડામાં રહે છે.પરંતુ ગાંધીનગર શહેરની ગીચ વસ્તીમાં ઘણીવાર નીલગાય જોવા મળી જાય છે અહીં તેને જાણે ફાવી ગયું છે અને વસાહતીઓનો તેને કોઈ રંજાડ પણ નથી. સેકટર-૭માં અવારનવાર નીલગાય આવી ચઢે છે અને પાલતુ પ્રાણીની જેમ આરામથી વસાહતીઓના હાથે રોટલી-રોટલા ખાઈ લે છે.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા દ્વારા વસંતપંચમી નિમિત્તે મા સરસ્વતીની પૂજા અર્ચના કરીને ટ્રસ્ટીગણ તથા આચાર્ય અને શિક્ષકો દ્વારા શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

## વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં માં સરસ્વતી વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો



વસંત પંચમી એટલે જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી માં સરસ્વતીની આરાધનાનો દિવસ. તો આ પવિત્ર દિવસે વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં ઓનલાઈન તથા ઓફલાઈન માં સરસ્વતીની પૂજા અર્ચના કરવામાં આવી હતી. સરસ્વતીમાં ની પૂજા કરી શ્લોક બોલવામાં આવ્યા હતા. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શિક્ષણની શરૂઆત થઈ છે જેમાં બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે માં ને પ્રાર્થના કરવામાં આવી હતી. બાળકોએ સરસ્વતીમાં પાસે વિવિધ ફૂલોથી કલાત્મક રંગોળી બનાવી હતી. જેમાં સૌ કોઈ પીળા તથા સફેદ વસ્ત્રો ધારણ કરી આવ્યા હતા. બાળકોને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સરસ્વતી વંદના કાર્યક્રમમાં વાલીઓ તથા બાળકો તમામ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો.



ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા એકાંતરા ૧૫૦ લીટર છાશનું સ્લમ એરિયામાં નિઃશુલ્ક વિતરણ શરૂ કરવામાં આવેલ છે. સે-૨૪ ઈન્દિરાગનર અને આદિવાડા તથા ચરેડીથી આ કાર્યનો શુભારંભ કરાયો હતો.

## રેડ ડોટ કેમ્પેઈન માટે ડૉ. હાર્દીક તલાટીનું સન્માન કરાયું



સીઆરપીએફ દ્વારા જી.સી.ગાંધીનગર આયોજિત વુમન વેલ્ફેર કાર્યક્રમમાં શહેરમાં તા.૧૩મી જાન્યુઆરી પ્રારંભ થયેલ 'રેડ ડોટ કેમ્પેઈન'ના પ્રણેતા ડૉ.હાર્દીક તલાટીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં 'રેડ ડોટ કેમ્પેઈન' અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી તથા મહિલાઓને સેનેટરી પેડના પેકેટ તથા સફાઈ કર્મચારીઓને ગ્લ્વોઝનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ પદે એલિઝાબેથ કોષીએ તેમજ અગ્રણી મહિલાઓએ હાજરી આપી હતી.

## શહેરમાં સદભાવના યાત્રાનું ભવ્ય સ્વાગત



ગાંધીનગર, તા.૧૬

ત્રિપુરા રાજયની સુવર્ણ જયંતીના અવસરે અગરતલાથી સદભાવના યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આ સદભાવના યાત્રા ગાંધીનગર ખાતે આવી હતી. જેને આવકારવા મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, સંજીવ મહેતા, અરવિંદભાઈ રાણા, પાર્થ ઠકકર, દર્શનાબેન ત્રિવેદી, ભરતજી ઠાકોર, રવિ ત્રિવેદી અને હિરેન શાસ્ત્રી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ભરતી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે ટેટ-૨ ઉમેદવારોના દેખાવો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં સચિવાલય ખાતે આજે ટેટ-૨ની પરીક્ષા પાસ કરેલા ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે દેખાવો કર્યા હતા. રાજ્યમાં ટેટ-૨ની પરીક્ષા પાસ કરેલા અંદાજે ૪૭હજાર ઉમેદવારો બેરોજગાર હોવાનું જણાવતા આ ઉમેદવારોએ સરકાર સત્વરે ભરતી પ્રક્રિયા હાથ ધરે તેવી માંગ કરી હતી.


ટેટ-૨ની પરીક્ષા પાસ કરેલા ઉમેદવારોએ જણાવ્યું હતું કે પ્રાથમિક શિક્ષક બનવા માટે વર્ષ ૨૦૧૭માં લેવાયેલી ટેટ-૨ની પરીક્ષામાં પચાસ હજારથી વધુ ઉમેદવારો પાસ થયાં હતાં જેઓ ભરતી પ્રક્રિયાની રાહ જોઈને બેઠેલા છે. રાજયના શિક્ષણમંત્રીએ વર્ષ ૨૦૧૯માં જણાવ્યુ હતુ કે રાજ્યમાં શિક્ષણ સહાયક અને વિદ્યાસહાયકની ભરતી કરવામાં આવશે પરંતુ તે જાહેરાતને બે વર્ષનો ગાળો વીતી ગયો હોવા છતાં હજુ સુધી કોઈ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી જેના કારણે અત્યારે આશરે ૪૭ હજાર જેટલા ઉમેદવારો બેરોજગાર છે. આ ઉમેદવારો પૈકી આશરે ૧૫ હજાર ઉમેદવારોની માર્કશીટ મુજબ વેલિડિટી પણ ૨૦૨૦માં પૂરી થઈ ગઈ છે. જો હજુ પણ સરકાર ભરતી પ્રક્રિયા હાથ નહીં ધરે તો આ આંકડો ખૂબ વધી જશે. રાજ્યામાં આશરે ૬૫૦૦ પ્રાથમિક શિક્ષકોની ઘટ હોવા છતાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવતી નથી તેથી સરકાર દ્વારા ઝડપથી ભરતી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉમેદવારોએ કરી હતી.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન કેન્દ્રનો શુભારંભ



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં સેકટર-૨૦ સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તપોવન પ્રકલ્પ અંતર્ગત રાજ્યમાં ૩૦ જેટલા તપોવન કેન્દ્ર ચલાવવામાં આવી રહ્યાં છે. જ્યાં ભારતના ઋષિમુનિઓએ આપેલા ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંસ્કારના જ્ઞાનને આદાર બનાવીને માતાઓને શિક્ષિત કરવા સહિત અનેકવિધ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. તારીખ ૧૬મીએ યુનિવર્સિટીમાં જ તપોવન કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મેયર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. તપોવન વિભાગના નિયામક ડૉ. રાકેશ પટેલે તેમનો આભાર માન્યો હતો.



ગાંધીનગરના લોકગાયક અને ચિત્રકાર રાજુભાઈ શ્રીમાળી ઉર્ફે રાજતરંગ જાણીતા લોકગાયક અને ભારત રત્નથી સન્માનિત કિર્તીદાન ગઢવીના ખૂબ મોટા ચાહક છે. તેઓએ તેમના દિકરા રાગ અને કિર્તીદાન ગઢવીનું ખૂબ સુંદર ચિત્ર બનાવી તેઓનું સન્માન કર્યુ છે.



એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા સે-૨૩ ખાતે સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે ધો-૪ની વિદ્યાર્થીની બહેનો દ્વારા વિવિધ વસ્તુઓમાંથી ઘર બનાવીને ફોટોગ્રાફસ મોકલ્યા હતા. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ગાંધીનગર પેન્શનર સમાજ પેન્શનર્સ પ્રદાન મેગેઝિન લવાજમ રીન્યુ કરવા જોગ

ગાંધીનગર શહેર પેન્શનર સમાજ દ્વારા પેન્શનર્સ પ્રદાન નામનું મેગેઝિન બહાર પાડવામાં આવ્યું છે. જે અંગે સે-૭માં ગાંધીનગર શહેર પેન્શનર સમાજ સભ્યો પેન્શનર પ્રદાન મંગાવતા હોય તે સભ્યોએ વર્ષ ૨૦૨૧નું ૧૦૦ રૂ. લવાજમ સે-૭ના ડી.એમ. પરમાર, સે-૭-બી પ્લોટ નં. ૫૪૦/૨, મો. ૯૫૭૪૧૨૨૦૨૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### જન્મદિને વધામણી



ખુશી હેમાંગભાઈ ગાંધી
મો. ૯૩૭૭૭ ૨૩૧૬૪



ગિરીશચંદ્ર તારાચંદ ઝાટકીયા
મો. ૯૦૯૯૦ ૭૩૪૪૪
મો. ૯૪૦૯૪ ૦૭૮૫૮



કાનજી રબારી
મો. ૯૯૧૩૧ ૩૨૪૬૬



શાન્વી વિપુલકુમાર પટેલ



યશ્વી કમલેશ ખનાયત
મો. ૯૭૨૩૪ ૧૬૧૪૮

# વાવોલમાં બગીચાઓના ઝાંપે લટકતા ખંભાતી તાળાથી નારાજગી

## શહેરમાં લોકડાઉનને કારણે મોટા ભાગના બાગ-બગીચા ખુલ્લાં થઇ ગયા છતાં વાવોલમાં પ્રજાના પૈસે વિકસાવાયેલા બગીચાઓનો ઉપયોગ કરવાથી નાગરિકોને શા માટે વંચિત રખાય છે ?

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વાવોલ વિસ્તારમાં કોલવડા ચોકડી પાસે નાના પ્લોટના ટુકડાઓમાં ત્રણ અલગ અલગ બગીચા વિકસાવવામાં આવ્યાં છે. શહેરમાં કોરોના લોકડાઉનને કારણે બંધ કરવામાં આવેલા બાગ-બગીચાઓ પૈકી મોટા ભાગના બાગ-બગીચા ખુલ્લાં કરી દેવામાં આવ્યાં છે પરંતુ વાવોલના આ નવા બગીચાઓ પર લોકાર્પણની રાહ જોતા ખંભાતી તાળાં લટકી રહ્યાં છે જેના કારણે આ વિસ્તારની અસંખ્ય સોસાયટીના બાળકો અને વડીલો સહિતના રહીશો તેનો ઉપયોગ કરવાથી વંચિત રહેવા પામ્યાં છે જેના કારણે રોષ પ્રવર્તી રહ્યો છે.

ગાંધીનગરના પૂર્વ સાંસદ લાલકૃષ્ણ અડવાણીની ગ્રાન્ટમાંથી જ્યારે વાવોલ વિસ્તારમાં નાનકડાં ત્રણ બગીચા વિકસાવવાનું શરુ કરાયું ત્યારે તેના કારણે સમગ્ર વિસ્તારની જનતામાં પ્રસન્નતા વ્યાપી હતી. જોકે આ બગીચાઓનું કાર્ય પૂર્ણ થાય અને તેનું લોકાર્પણ કરાય તે પહેલાં કોરોના મહામારીના કારણે લોકડાઉન લાગું પડી ગયું હતું જેના કારણે તૈયાર થઈ ગયેલાં આ બગીચાઓ બંધ જ રાખવાની ફરજ પડી હતી. જોકે





હવે શહેરમાં કોરોના લોકડાઉનને કારણે બંધ કરવામાં આવેલા બાગ-બગીચાઓ પૈકી મોટા ભાગના બાગ-બગીચા ખુલ્લાં કરી દેવામાં આવ્યાં છે ત્યારે પણ લોકાર્પણમાં વિલંબ કરાતાં હવે ચુંટણીની આચાર સંહિતા લાગુ પડી જવા પામી છે જેના કારણે આ બગીચાઓના ઝાંપે તાળાં લટકી રહ્યાં છે. આ નાનકડાં બગીચાઓમાં વોકીંગ ટ્રેક, સિનિયર સિટીઝન બેટક વ્યવસ્થા અને બાળકોને રમવાનાં સાધનોની સુવિધા પણ વિકસાવાઈ છે જેને બહારથી નિહાળીને વાવોલાના મોર્નિંગ વોકર્સ તથા વડીલો-બાળકો નિઃસાસા નાંખી રહ્યાં છે કેમકે તેનો ઉપયોગ કરવા તેઓ ઝાંપા કુદીને બગીચામાં પ્રવેશ મેળવવા સક્ષમ નથી. આ વડીલો-બાળકો અને મોર્નિંગ વોકર્સનો સવાલ છે કે નાગરિકો માટે વિકસાવાયેલી સુવિધાને નેતાઓના ઉદ્‌ઘાટનના મોહતાજ શા માટે રહેવું પડે? શા માટે પ્રજાને પોતાના પરસેવાની કમાણીમાંથી ભરેલા ટેક્ષનાં નાણાંમાંથી બનાવાયેલા બગીચાઓનો ઉપયોગ કરવા દેવાથી વંચિત રખાયા છે? આ બગીચાઓને તંત્ર દ્વારા સત્વરે ખૂલ્લાં મુકવામાં આવે તેવી માંગ આ વિસ્તારના નાગરિકોમાં પ્રવર્તી રહી છે.

### ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ હરિભાઈ જિણાભાઈ ઉ.વ. ૮૩, સેકટર-૩

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. રાઠોડ ડાહ્યાભાઈ વરૂભાઈ ઉ.વ. ૯૫, સેકટર-૩
- સ્વ. દોશી રમણલાલ મોતીચંદ ઉ.વ. ૯૨, સેકટર-૧